## ત્રાસદાયક બફારો : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા રવિવારે બફારાથી ત્રાસી, આગામી ૩ દિવસ રાહતની સંભાવના નથી

### ૧૮ જૂને વરસાદ વરસવાની સંભાવના, તાપમાનનો પારો ૩૯ ડિગ્રીને આંબ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ ચોમાસુ નજીકમાં છે ત્યારે ભયંકર બફારાએ દિવસ અને રાત પ્રજા માટે દોઝખરૂપ બનાવી દીધી છે. વહેલી પરોઢ થી રાત્રિ સુધી હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારાએ પ્રજાને મુશ્કેલ સ્થિતિમાં લાવી દીધી છે. આગામી ૩ દિવસ સુધી બફારા અને ગરમીમાં પ્રજાને રાહત થાય તેવા કોઈ સંકેત નથી. તા.૧૮ જૂનના રોજ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના છે.

જૂનના આરંભે કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યા પછી ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ હતી. કેટલાક ખેતી પાકને નુકસાન પહોંચ્યું. ત્યારે પાછલા બે દિવસથી બપોરે આકાશમાંથી અગનગોળા વછૂટવાની સાથે ભયંકર બફારાના કારણે ગૃહીણીઓ હચમચી ગઈ છે. રવિવારે તાપમાનનો પારો જિલ્લાના અનેક વિસ્તારોમાં ૩૯ ડિગ્રીને આંબી ગયો હતો. રવિવારે બજારો ખૂલ્યાં પરંતુ લમણા શેકતી ગરમી અને બફારાના કારણે પ્રજાએ દુકાનોમાં જવાનું ટાળ્યું હતું બપોર થતાં અસહ્ય બફારા અને ગરમીના કારણે માર્ગો ઉપર વાહન ચાલકો તથા રાહદારીઓની ઓછી હાજરી જોવા મળી. જે રીતે ભયંકર બફારાએ પ્રજાને પજવવાનું શરૂ કર્યું છે તે જોતાં આગામી ૨-૩ દિવસમાં જ વરસાદ વરસવાની સંભાવના છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં તા.૧૮ જૂને વરસાદ વરસે તેવી સંભાવના છે.



## અનલૉક : જિલ્લાના પ્રવાસન સ્થળો ઉપર પ્રવાસીઓ ઉમટ્યા, સ્થાનિક ધંધા ધમધમ્યા

### વિજયનગર પોળો, શામળાજી સહિતના વિસ્તારો કોરોનાની બીજી લહેર પછી જીવંત, હજુ પણ સાવચેતી જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ મોટાભાગે ગુજરાત અનલૉક થયું છે. હોટલ-રેસ્ટોરન્ટ કેટલીક શરતોને આધિન ખોલવામાં આવી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પ્રવાસન સ્થળો ઉપર છેલ્લા બે દિવસથી પ્રવાસીઓ ઉમટતાં સ્થાનિક ધંધા ધમધમ્યા છે. છેલ્લા ૪૦ દિવસથી કોરોનાના કારણે પ્રવાસનધામો ઉપર બહારના પ્રવાસીઓને પ્રવેશવા ઉપર પાબંધી હતી. પરંતુ હવે પ્રવાસન સ્થળો સહિત અન્ય બાગ-બગીચા પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકાતાં ઠપ્પ થઈ ગયેલા પ્રવાસન સ્થળો આસપાસના ધંધા-રોજગારને નવું જોમ મળશે.

કોરોનાની બીજી લહેરથી હોટલ, રેસ્ટોરન્ટ અને પ્રવાસન સ્થળોને અગણિત નુકસાન થયું છે. પ્રવાસન સ્થળો આસપાસ ધંધા-રોજગાર લઈને બેઠેલા વેપારીઓની આર્થિક હાલત ડામાડોળ થઈ ગઈ હતી. પરંતુ તા.૧૧ જૂનથી સરકારે વ્યાપક છૂટછાટ આપી અને સાવચેતી માટે પણ ખાસ આચારસંહિતા હોવાના કારણે દિવસ દરમ્યાન પ્રવાસન સ્થળો ઉપર પ્રવાસીઓની હાજરી જોવા મળી. કોરોનાની બીજી લહેરના કારણે મોટાભાગની પ્રજા મહિનાઓ સુધી ઘરમાં પુરાઈ રહી જેથી બોરીંગ થઈ ગયેલી પરંતુ હવે અનલૉકમાં પ્રવાસન સ્થળો, દેવમંદિરો વગેરે ખૂલતાં હરતા આવીએ અને દેવદર્શન કરતા આવીએ તેવા ઉદ્દેશ્ય સાથે પ્રવાસીઓએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રવાસન ધામોમાં આવતાં દેવમંદિરોની આવકમાં વધારો થયો છે. જ્યારે પ્રવાસન ધામના સ્થળોએ વેપાર-ધંધામાં ધીરે ધીરે તેજીની આશા જન્મી છે.







## ધ બર્નિંગ ટ્રક : રહીયોલ નજીક દોડતી ટ્રક આગમાં ભડથું, કોઈ જાનહાનિ નહીં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર દોડતાં વાહનો હવે જોખમી થઈ ગયાં છે.



ગત રોજ રાત્રે મોડાસા-ધનસુરા હાઈવે ઉપર રહીયોલ ગામ નજીક દોડતી ટ્રક આગમાં લપેટાયા પછી ભડથું થઈ ગઈ હતી જેના કારણે માર્ગ ઉપર કલાકો સુધી ટ્રાફીકજામની સ્થિતિ હતી. મોડાસાથી આવેલા ફાયર ફાઈટરે કલાકની જહેમત પછી આગ બુઝાવી હતી. આગ લાગવાનું કારણ હજુ બહાર આવ્યું નથી.

છેલ્લા ૬ મહિનામાં અરવલ્લી જિલ્લામાં વાહનો સળગવાની ઘટનામાં ચોંકાવનારો વધારો થયા છે. શામળાજી, ગામડી, હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં દોડતાં વાહનોમાં આગ લાગ્યા પછી ક્યાંક કરૂણાંતિકા પણ સામે આવી હતી. ગત રોજ રાજસ્થાનથી પાવડર ભરીને વડોદરા તરફ જતી ટ્રક ધનસુરા તાલુકાના સીમાડામાં પ્રવેશી તે સમયે ટ્રકમાં આગ લાગતાં ચાલક અને ક્લિનર બહાર નિકળી ગયા હતા અને ગણતરીની મીનીટોમાં જ આગ લાખો રૂપિયાની ટ્રક હોમાઈ ગઈ હતી માત્ર હાડપીંજર બચ્યું હતું. ધનસુરા પોલીસ પાસે બીજા દિવસ બપોરના ૩-૦૦ સુધી કોઈ લેખિત વિગતો આવી ન હોવાથી આગનું કારણ જાણી શકાયું નથી.

### મા અંબાના ભક્તોમાં ખુશાલી

## અંબાજીમાં શ્રદ્ધાળુઓને સદાવ્રત પ્રોજેક્ટ હેઠળ આજથી મફત ભોજન

કોરોનાના કારણે જગત જનની માં અંબાના પ્રાગટ્ય ધામ અંબાજી મંદિર બે મહિનાથી બંધ હતું જે કોરોનાનું સંક્રમણ ઓછું થતાં ભક્તોના દર્શન માટે કેટલીક શરતોને આધિન ખોલવામાં આવ્યું છે. અંબાજીમાં આવતા યાત્રાળુઓ માટે સદાવ્રત પ્રોજેક્ટ હેઠળ આજે સોમવારથી મફત ભોજન સેવા શરૂ થશે જેના કારણે માં અંબાના ભક્તોમાં ખુશાલી જોવા મળી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અંબાજી મંદિર દ્વારા દૂર દૂરથી આવતા શ્રદ્ધાળુઓને પૌષ્ટીક ભોજન મળી રહે તે માટે અંબિકા ભોજનાલયની શરૂઆત કરવામાં આવી હતી જેનું સંચાલન જલિયાણા સદાવ્રત દ્વારા સંચાલિત જય જલિયાણા ફાઉન્ડેશન હસ્તક હતું. સદાવ્રતનું આયોજન આગામી ૩ મહિના માટે કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરના નિરીક્ષણ હેઠળ સંચાલિત અંબાજી મંદિરમાં દર વર્ષે લાખો યાત્રાળુઓ ભોજનનો લાભ લેતા હોય છે અને તે માટે ટોકનની કિંમત વસુલાતી હતી. પરંતુ કેટલાક દાતાઓના સહયોગથી હવે મંદિર ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે ભોજન આપવાનો નિર્ણય કરાયો હતો. ળી ફુડ પ્રોજેક્ટ હેઠળ હાલ અજમાયશી રીતે ૩ મહિના માટે સદાવ્રત પ્રોજેક્ટ હેઠળ યાત્રાળુઓને વિના મૂલ્યે ભોજન આપવામાં આવશે. ત્યારબાદ પ્રોજેક્ટ બાબતે આવેલા સૂચનો નોંધે લઈ પછીનો નિર્ણય કરાશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. અંબાજી મંદિરના દ્વાર દર્શનાર્થીઓ માટે ખૂલતાં માં અંબાના દર્શન કરવા માટે અધીરા બનેલા હજારો ભક્તો રાજ્યના ખૂણે ખૂણેથી દર્શન માટે ઉમટ્યા ત્યારે બજારોમાં પણ એક નવી રોનક જોવા મળી.

### સવારે ૧૦ થી ૩-૩૦ અને સાંજે ૬ થી ૧૦ વિના મૂલ્યે ભોજન

બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલના દિર્ઘદ્રષ્ટી ભર્યા વિચારથી આજથી યાત્રાળુઓ માટે મફત ભોજન શરૂ થઈ રહ્યું છે. શ્રદ્ધાળુઓને અંબિકા ભોજનાલય ખાતે ૧૦-૦૦ થી ૩-૩૦ વિના મૂલ્યે ભોજન મળશે જેમાં રોટલી, પૂરી, શાક, બુંદી, દાળભાત, ગાંઠીયા અને પાપડ આપવામાં આવશે. સાંજે ૬-૦૦ થી ૧૦-૦૦ દરમ્યાન ભાખરી, શાક, ખીચડી, કઢી, પાપડનું વિના મૂલ્યે ભોજન માં અંબાના પ્રસાદરૂપે આપવાનો નિર્ણય કરાયો છે.



## મોડાસામાં છેલ્લા દોઢ વર્ષથી બંધ વિવિધ સમાજની વાડીના વેરા માફ કરો, પાલિકા સમક્ષ રજૂઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ રાજ્ય સરકાર દ્વારા કોરોનાના કારણે બંધ હોટલ, સિનેમા અને વોટરપાર્કના ૧ વર્ષના વેરા માફ કર્યા છે ત્યારે મોડાસામાં વિવિધ સમાજની વાડીઓ કોરોનાના કારણે દોઢ વર્ષથી બંધ હોઈ તેમના વેરા માફ કરવા માટે મોડાસા શહેર ભાજપ સંગઠન અને પાલિકા સમક્ષ મોડાસા દશાનીમા વણિક પંચના મંત્રી શ્રીકાંત ગાંધી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

કોરોનાએ છેલ્લા ૧૫ મહિનામાં અનેકને પાયમાલ કર્યા છે. અનેક વેપારીઓ દેવાદાર બની ગયા છે, અસંખ્ય નાના ધંધાઓના સંકેલા વળ્યા છે. જ્યારે અનલૉકમાં ધીમે ધીમે રાજ્યનું જનજીવન ધબકતું થયું છે. શાળાઓ વિદ્યાર્થીઓ વગર શરૂ થઈ મોટાભાગના બજારો રાબેતા મુજબ ખૂલ્યાં છે. પરંતુ નાના-મોટા લગ્ન સમારંભો માટે હજુ વધુ વ્યાપક છૂટ મળી નથી. મોડાસા શહેરમાં કોરોનાનો ક્રૂર પંજો ફરી વળતાં અસંખ્ય લોકોના મોત નિપજ્યા છે. સ્મશાન ગૃહમાં શબ કતારમાં ખડકાયા હતા તેના ઉપરથી જ કોરોનાએ શહેરમાં કેવો હાહાકાર સર્જ્યો તેની વિગતો જગજાહેર છે. કોરોનાના કારણે મોડાસામાં આવેલ દશનીમા પંચની વાડી, વિશાનીમા પંચની વાડી, વલ્લભ સદન હોલ, સોની પંચની વાડી, ભાવસાર પંચની વાડી, બ્રાહ્મણ સમાજની વાડી, મહેશ્વરી સમાજની વાડી, ઉમિયા પાટીદાર સમાજ વાડી તેમજ અનેક સમાજની વાડીઓ બંધ રહી છે. સરકારે કેટલાક નિર્ણય લઈ હોટલ, રેસ્ટોરન્ટ, વોટર પાર્કના ૧ વર્ષના વેરા માફ કર્યા છે. જેથી મોડાસા નગરપાલિકાએ પણ શહેરમાં આવેલી વિવિધ પંચની વાડીઓના ૧ વર્ષના વેરા માફ કરવા જોઈએ તેવી રજૂઆત મોડાસા શહેર ભાજપ સંગઠન, મોડાસા નગરપાલિકાને લેખિતમાં રજૂઆત થઈ છે.

## અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ, અમિષ પટેલની પસંદગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠનની જાહેરાત કરવામાં આવી છે. પ્રમુખ તરીકે અમિષ એન. પટેલની પસંદગી થઈ છે. આવનારા દિવસોમાં જિલ્લાના ૬ તાલુકાઓમાં ભાજપ યુવા મોરચાનું સંગઠન વધુ મજબૂત બનાવવાના પ્રયાસ શરૂ થશે. ભાજપ દ્વારા વર્ષ-૨૦૨૨ માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લાની ત્રણેય બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાય તે માટે જિલ્લા ભાજપ



સંગઠન દ્વારા અત્યારથી તૈયારીઓ શરૂ થઈ છે. પ્રદેશ કક્ષાએથી મળેલી સૂચનાઓ અનુસાર જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા વિવિધ મોરચાના હોદ્દેદારોની જાહેરાત પછી અગત્યના યુવા મોરચાની પણ પસંદગી કરવામાં આવી છે જેમાં પ્રમુખ અમિષ પટેલ, મહામંત્રી અવધેષ સુરેશભાઈ પટેલ(ધનસુરા), સચિન અમૃતભાઈ બરંડા (ભિલોડા)ની વરણી કરાતાં ભાજપની યુવા પાંખે તેમની નિયુક્તિને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજના કમાલપુર ખાતે કહેવા જતા ધારીયુ મારતા ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડાયા

સાબરકાંઠા જિલ્લાના કમાલપુર ખાતે ખેતર જવાના રસ્તા ઉપર પથ્થરો મુકેલ હોય કહેવા જતા ધારીયુ મારી ઈજાઓ કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજના કમાલપુર ગામ પાસે આવેલ ખેતરમા જવાના રસ્તા ઉપર આ કામના આરોપીઓ દ્વારા રસ્તા વચ્ચોવચ પથ્થરો મુકેલ હોય પટેલ અરવિંદભાઈ કહેવા જતા આ કામના આરોપીઓ અમરસિંહ કાળુસિંહ રાઠોડ, મિઠુસિંહ અમરસિંહ રાઠોડ તથા મિઠુસિંહના પત્ની તથા મિઠુસિંહના દિકરો એકસંપ થઈ પટેલ અરવિંદભાઈ મગનભાઈને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી તો આ કામના આરોપી દ્વારા બોલાચાલી દરમ્યાન બાજુમા પડેલ ધારીયા વડે હુમલો કરતા અરવિંદભાઈ પટેલ નીચે નમી જતા તેવોને કાન સહિતના ભાગે ઈજાઓ પોહચી હતી તો તેવોને પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે પ્રાંતિજથી હિંમતનગર ખાતે ખસેડવામા આવ્યા હતા તો ગાળો બોલી ધારીયા વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પટેલ અરવિંદભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા મિઠુસિંહ અમરસિંહ રાઠોડ, અમરસિંહ હાલુભાઈ રાઠોડ, મિઠુસિંહ રાઠોડના પત્ની, મિઠુસિંહ રાઠોડનો દિકરો સહિત કુલ ચાર વિરૂધ્ધ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળની કાર્યવાહી હાથધરી હતી.

## ૬૦ દિવસ કોરોના સામે બાથ ભીડી : બાયડના નિવૃત્ત પી.આઈ.ના પુત્રનું કોરોનાથી મોત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ બાયડ તાલુકાના જૂનાઉંટરડાના નિવૃત્ત પી.આઈ.



સુરેશભાઈ સી. ઉપાધ્યાયના લાડકવાયા પુત્ર ચિરાગ ઉપાધ્યાય(ઉ.૪૨ વર્ષ)એ ૬૦ દિવસ સુધી કોરોના સામે બાથ ભીડી જીંદગીનો જંગ હારી જતાં બ્રહ્મ સમાજમાં શોક છવાયો છે. જિલ્લામાં કોરોના સંક્રમણ ઉપર કાબુ હોવાના દાવા વચ્ચે વધુ એક યુવાનને કોરોના ભરખી જતાં પ્રજાએ હજુ પણ વધુ સાવધ રહેવાની જરૂર છે.

બાયડ તાલુકામાં કોરોનાના વિકરાળ સ્વરૂપથી પાછલા ૩ મહિનામાં બિનસત્તાવાર રીતે ૪૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. કોરોનાથી ચેપગ્રસ્ત અનેક દર્દીઓ હજુ પણ ઓક્સિજનની અછતના કારણે પથારીવશ છે.

## પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટીની બેઠક યોજાઈ

### પ્રાંતિજ સહિત તાલુકામા સંગઠનની રચના કરાઈ : ૨૦૨૨માં આવનારી વિધાનસભાની ચુંટણી તથા નગરપાલિકા પોતાના હસ્તે કરવા કાર્યકરોને હાકલ

પ્રાંતિજ તા.૧૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આજે આમઆદમી પાર્ટીની બેઠક યોજાઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકામાથી પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ શ્રી માકડેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે આમઆદમી પાર્ટીની બેઠક યોજાઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકામા સંગઠન ની ગામે ગામ જાગૃત કરવા અને નવા કાર્યકરોની નિમણુક કરવા સહિતની ચર્ચાઓ કરવામા આવી હતી તો આ પ્રસંગે જિલ્લા પ્રમુખ કરણસનભાઈ પટેલ, તાલુકા





સંગઠનની રચના સાથે આવનાર ૨૦૨૨ની વિધાનસભા અને નગરપાલિકાની ચુંટણીઓ જીતવા અત્યારથી જ કામે લાગવા જીલ્લા પ્રમુખે હાકલ કરી હતી. રચના કરવામા આવી હતી તો ૨૦૨૨ આવનાર વિધાનસભાની ચુંટણી તથા નગરપાલિકાઓમા આમ આદમી પાર્ટી પોતાના હસ્તે કરે અને દિલ્હી મોર્ડલ બને તે માટે પ્રમુખ સોનકભાઈ પટેલ, શહેર પ્રમુખ નિખીલભાઈ પટેલ, યુવા પ્રમુખ દેવાંગ ભાઈ પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

## પાટીદાર મુખ્યમંત્રી : સાબરકાંઠા, અરવલ્લીના પાટીદાર બેલ્ટમાં સળવળાટ

### પાટીદાર આગેવાનો ઉપર સૌની નજર ટેકવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ ખોડલધામમાં મળેલી બેઠક પછી ગુજરાતનો મુખ્ય મંત્રી પાટીદાર બને એવી પાટીદાર સમાજની ઈચ્છાના અહેવાલ બહાર આવતાંની સાથે જ સાબરકાંઠા, અરવલ્લીના પાટીદાર બેલ્ટમાં સળવળાટ જોવા મળ્યો. પાટીદાર આગેવાનો ઉપર સૌની નજર ટેકવાઈ છે. કારણ કે પાટીદાર અનામત આંદોલન વખતે બંન્ને જિલ્લાના બાયડ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, મોડાસા, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં તેની સૌથી વધુ અસર જોવા મળી હતી. જેથી પાટીદાર સમાજે પોતાના સમાજનો મુખ્ય મંત્રી હોવાનું વિધાનસભા ચૂંટણીના દોઢ વર્ષ અગાઉ બ્રહ્માસ્ત્ર ફેંકી શાંત પાણીમાં વમળો ઉભી કર્યાનું દેખાઈ રહ્યું છે.

વર્ષ-૨૦૨૨માં વિધાનસભા ચૂંટણી યોજાવવાની છે. વર્ષોથી ગુજરાત ભાજપનો ગઢ રહ્યું છે અને પાટીદાર સમાજ ભાજપ સાથે હોવાનું જગજાહેર છે. પરંતુ પાટીદાર અનામત આંદોલન પછી કેટલાંક સમીકરણો બદલાયાં હતાં. પાટીદાર અનામતનો ચહેરો બનેલો હાર્દિક પટેલ કોંગ્રેસમાં જતાં પાટીદાર સમાજમાં પણ જે તે સમયે નારાજગી જોવા મળી હતી. પરંતુ પાટીદાર સમાજમાં ખોડલધામના પ્રમુખ નરેશ પટેલનો સૌથી વધુ દબદબો રહ્યો છે. બે દિવસ અગાઉ ખોડલધામમાં કડવા અને લેઉઆ પાટીદાર સમાજના આગેવાનોની સંયુક્ત બેઠક યોજાઈ હતી. જેમાં કડવા-લેઉઆનો ભેદ ભૂલી પાટીદારના નામે એક થવાનો નિર્ણય કર્યો અને છેલ્લા કેટલાક સમયથી પાટીદાર સમાજ હોંશિયામાં ધકેલાઈ રહ્યો છે જેથી પાટીદાર પાવર દેખાડવા માટે જે પણ રાજકીય પક્ષ પાટીદાર સમાજને મુખ્ય મંત્રીનો ચહેરો બનાવે તેની સાથે રહેવાનો સંકલ્પ જાહેર કર્યો હતો અને એ સાથે જ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં પાટીદારોનું વર્ચસ્વ રહ્યું છે અને પાટીદાર અનામત આંદોલન વખતે એક્તા પણ જોવા મળી હતી. આ સંજોગોમાં ખોડલ ધામમાં પાટીદાર મુખ્ય મંત્રી હોવો જોઈએ તેવા નિવેદનની અસર બંન્ને જિલ્લાના પાટીદાર બેલ્ટમાં અવશ્ય જોવા મળશે. પાટીદારના સૌથી વધુ મતદાર ધરાવતા વિસ્તારોમાં મોટાભાગના પાટીદાર આગેવાનો ભાજપ સાથે જોડાયેલા છે. આ સંજોગોમાં તેમની સ્થિતિ પણ સમાજ સાથે રહેવું કે પછી રાજકીય પક્ષ સાથે..?? તેવી થઈ શકે છે.

### ગુગલી : ગુજરાતમાં ત્રીજો પક્ષ ફાવ્યો નથી પરંતુ આપ નું ભવિષ્ય ઉજળું..

ખોડલ ધામના પ્રમુખ નરેશ પટેલે ગત રોજ ગુજરાતનો મુખ્ય મંત્રી પાટીદાર બને તેવું નિવેદન આપતાં રાજ્યના રાજકારણમાં એકાએક ગરમાવો આવ્યો એ સાથે તેઓએ ગુગલી ફેંકી જેમાં ગુજરાતમાં ત્રીજો પક્ષ ફાવ્યો નથી પરંતુ આપ નું ભવિષ્ય ઉજળું છે તેમ જણાવી સૌને વિચારતા કરી દીધા છે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં પાટીદાર બેલ્ટમાં આપ પાર્ટીનો ઉમદા દેખાવ જોવા મળ્યો તેનાથી પણ ભાજપ છાવણીમાં સોંપો પડી ગયો હતો.